# અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનો કહેર

## ભિલોડાના શંકરપુરા કંપામાં ૧૩ કોરોનાગ્રસ્ત થતા ફફડાટ

ભિલોડા, તા. ૯

અરવલ્લી જિલ્લામાં વીતેલા સપ્તાહમાં કોરોનાનું સંક્રમણ રોકેટ ગતિએ વધવા પામ્યું છે. જીલ્લામાં સરકારી ચોપડે રોજબરોજ ૫ થી ૭ લોકોને કોરોનાનું સંક્રમણ લાગ્યું હોવાનું અખબારી યાદીમાં દર્શાવી જીલ્લામાં કોરોના કાબુમાં હોવાની કેસેટ વગાડી રહ્યા છે. જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારનાં અનેક કોરોના સંક્રમિત દર્દીઓ અમદાવાદ, ગાંધીનગર અને અન્ય શહેરમાં સારવાર લઈ રહ્યા છે ત્યારે ભિલોડા તાલુકાના શંકરપુરા કંપામાં ૧૩ લોકો કોરોના પોઝેટીવ આવતા ભિલોડા સહીત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોના લોકોમાં ફફડાટ ફેલાયો છે. છેલ્લા એક સપ્તાહમાં કોરોનાનું સંક્રમણ ગ્રામ્ય વિસ્તારોમાં વધી રહ્યું છે. મોડાસાની એયુ ફાઈનાન્સ સ્મોલ બેંક અને ધનસુરાની બેંક ઓફ બરોડાના બે થી ત્રણ કર્મીઓ અને તેમના પરિવારજનો પણ કોરોનાની ઝપેટમાં આવ્યા હોવાની વાતને લઈ સમગ્ર પંથકમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

અરવલ્લી જીલ્લાના મુખ્યત્વે પાટીદાર સમૂહ ધરાવતા કંપાઓમાં કોરોનાનું સંક્રમણ વધુ ફેલાયું હોવાની માહિતી આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી હાલ કોરોનાગ્રસ્ત કંપાઓમાં આરોગ્યની ટીમોએ ધામા નાખી સર્વેની કામગીરી આદરી શંકાસ્પદ કોરોનાના લક્ષણ ધરાવતા લોકોને હોમ કોરન્ટાઈન કરવામાં આવી રહ્યા છે. કોરોના વાઈરસ હવે તેની ચાલ બદલી રહ્યો છે. અલગ અલગ વિસ્તારોમાં સંક્રમણ વધવાની સાથે સાથે હવે એક જ પરિવારના સભ્યોમાં પણ કોરોનાનું સંક્રમણ એકસાથે જોવા મળી રહ્યું છે. લોકલ સંક્રમણ ફેલાઈ રહ્યું છે શંકરપુરા કંપા ગામમાં નોંધાયેલ ૧૩ કોરોના પોઝેટીવ દર્દીઓમાં એક જ પરિવારના ૫ થી વધુ અને અન્ય પરિવાર સંક્રમીત હોવાનું બહાર આવતા આરોગ્ય તંત્રમાં ભારે દોડધામ મચી હતી.

અરવલ્લી જીલ્લામાં આરોગ્યતંત્ર અને વહીવટીતંત્ર કોરોનાનું સંક્રમણ અટકાવવામાં સરેઆમ નિષ્ફળ રહ્યું હોય તેમ ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાના કહેરે માઝા મૂકી છે બીજી બાજુ લોકો પણ કોરોના સામે બેજવાબદારીપૂર્વક વર્તન કરી રહ્યા છે સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક અંગે સહેજ પણ જાગૃત ન હોવાથી આગામી સમયમાં કોરોનાનું સંક્રમણનો વિસ્ફોટ થાય તો નવાઈ નહિ..!!

# તલોદમાં ઢોરોના ઠેર ઠેર જાહેર સ્થળો પર અડીંગાઓથી પ્રજાજનો પરેશાન

તલોદ, તા. ૯

તલોદ નગરપાલિકામાં અંધ બની એક તરફી વલળવાળા હોદ્દેદારોથી નગરજનોએ ઉંચ્ચકક્ષાના હોદ્દેદારોને ચાલુ સરકારને દૂર કરવા અનેક રજુઆતો કરાતા સ્થાનિક ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારની રાહબરીમાં આ સત્તા આંચકી લેવાઈ હતી. જેથી લોકોના અનેક પ્રશ્નો અને સમસ્યાઓ દૂર થવાની સંભાવના પણ સેવાઈ રહી છે. પરંતુ પાલિકાના જાહેરમાર્ગો ગિચ વિસ્તારો, સોસાયટી વર્ગોમાં ખૂલ્લેઆમ છોડી મુકતા ઢોર માલિકો બેફામ બન્યા છે. જેથી ચાલતા મુસાફરી કરવી કે નાના-



મોટા વાહનો ચલાવવા મુસાફરો માટે મોટી મુશ્કેલીઓ સેવાઈ રહી છે. આ રખડતા ઢોરો ચોવિસે કલાક માર્ગો પર અડીંગો લગાવી બેસી રહેતા કે અંદરો અંદર લડત કરતા નાના-મોટા અકસ્માતો પણ સર્જાયા હોવાની દિન પ્રતિદિન આવી ઘટનાઓ બનતી રહે છે.

તલોદ તેમજ આજુબાજુથી ઢોરોનો ઉછેર કરતા માલિકો તેમના અસંખ્ય ઢોરોને છોડી મુકતા આવા ઢોરો ઠેરઠેર અડીંગો લગાવી ગંદકીયુક્ત વાતાવરણ કરી આમ તેમ ભટકતા અને લડતા લોકોને મોટી મુશ્કેલીમાં મુકી દીધા છે. નાના-મોટા બાળકોની અવરજવર કે રાહદારીઓની જાહેર માર્ગો પરની ચાલતા કે વાહનોથી મુસાફરી કરતા અકસ્માત થવાના તેમજ ફ્રેક્ચર થવાની પરિસ્થિતિ પણ ઉભી થવા પામી છે. આમ નવા વરાયેલા હોદ્દેદારો સમક્ષ આવી નાની-મોટી અનેક લોકોની સમસ્યાઓ દૂર કરવાની અપેક્ષાઓ પણ સેવાઈ રહી છે.

સ્થાનિક લોકોની સૂચના પ્રમાણે આવા રખડતા ઢોરોને પશુ ઘરોમાં રાખવા કે છુટા મુકેલા ઢોરોને દૂર કરવાના પ્રયાશો કરવા કે તેમના માટે દંડપાત્ર જોગવાઈઓ તાકીદે કરી ઢોરોના આ અડીંગા દૂર કરવાની લોકોની ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# ઉનાવામાં લગ્ન કરવાની લાલચ આપી ૯૩ હજારની છેતરપીંડી

ઊંઝા, તા. ૯

ઊંઝા નજીકના ઉનાવા ગામે રહેતા એક પાટીદાર યુવકને છોકરીનો ફોટો બતાવી લગ્ન કરાવવાના બહાને ૯૩ હજારની રકમ પડાવીને છેતરપિંડી કર્યા બાબતે બે મહિલા અને એક પુરૂષ મળી ત્રણ ઈસમો વિરૂદ્ધ ઉનાવા પોલીસમથકે ફરિયાદ નોંધાવેલ છે.

ઉનાવા ગામે ભદ્રકાળી માતાના ચોક પાસે માધવપરૂમાં રહેતા અને ખેતીકામ કરતા કલ્પેશકુમાર ત્રિભોવનભાઈ પટેલના લગ્ન થયેલ ન હોઈ અવારનવાર અમદાવાદ જતા હતા જ્યાં આજથી બે અઢી વર્ષ પૂર્વે અમિત સુલેમાન પરમાર રહે. જશોદાનગર અમદાવાદ સાથે મિત્રતા થઈ હતી અને લગ્ન માટે કોઈ છોકરી હોય તો જણાવશો તેવી વાત થયેલ. જેથી બે માસ ઉપર વોટ્સઅપ પર એક છોકરીનો ફોટો મુકી લગ્ન માટે જણાવેલ. આ ફોટાવાળી છોકરી પસંદ પડતાં લગ્ન કરવાનું કહ્યુ હતુ. આથી ગત તા. ૨૨ જુલાઈ ૨૦૨૦ના રોજ મિત્ર અમિત પરમાર અને તેના મિત્ર દિનેશ પાનેકર સાથે ભરૂચ જિલ્લાના અંદાડા ગામે ગયેલા. જ્યાં એક ઘેર ફોટાવાળી છોકરી એક પુરૂષ અને એક મહિલા હાજર હતી અને છોકરી બતાવી હતી. જેનુ નામ પ્રતિક્ષા નિકુંજભાઈ પટેલ હોવાનું જણાવેલ. બાદ ઉપરોક્ત ચારેય જણા ઉનાવા આવ્યા હતા. આ સમયે પ્રતિક્ષાના કહેવાતા મામા વિપુલભાઈ પટેલને ૬૦ હજાર આપ્યા હતા. જેની પ્રોમિસરી નોટ બનાવી હતી. ત્યારબાદ સંબંધ રાખવા માટે વધુ પૈસાની માંગણી કરતાં આંગડીયા મારફતે મોકલી આપેલ. આમ કુલ ૯૩ હજાર રૂપિયા લગ્નના બહાને લઈ લગ્ન નહીં કરાવીને યુવક સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતાં યુવકે ઉનાવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

### રેન્જ આઈ.જી. અભય ચુડાસમાએ ઇસરી પી.આઈ.

# આર.આર. તાવીયાડને સસ્પેન્ડ કરતા પોલીસેબેડામાં ખળભળાટ

અરવલ્લીના ઈસરી પોલીસ મથક વિસ્તારના મોટી મોરી ગામેથી ખેતરમાંથી મળેલ મૃતદેહમાં હત્યાની ફરિયાદ નોંધાઈ હતી. અને તેમાં બે સગા ભાઈની આરોપીઓ તરીકે ધરપકડ કરી જેલ ભેગા કર્યા હતા. જો કે પાંચ મહિના પછી મૃતક યુવક વતન પરત આવતા ચકચાર મચી જવા પામી હતી. ખરેખર જો મૃતક જીવે છે તો પોલીસે દફનાવી દીધેલ મૃતદેહ કોનો એ અંગે રહસ્ય છુપાયેલ જોવા મળ્યું છે સાથે સાથે આરોપીઓએ હત્યા કર્યાનું કઈ રીતે કબુલ્યું તે અંગે પણ અનેક સવાલો ઉભા થઈ રહ્યા હતા. ઈસરી પોલીસ નવેસરથી તપાસમાં લાગી ગઈ હતી ત્યારે આ અંગે ઉચ્ચકક્ષાએ તપાસ થશે કે નહિ..? ની ચર્ચા વચ્ચે નવનિયુક્ત રેન્જ આઈજી અભય ચુડાસમાએ અરવલ્લીના ઈસરી પોલીસ સ્ટેશનના પીઆઈ આર. આર. તાવીયાડે હત્યાનો ગુન્હો ઉકેલવામાં કરેલી ગંભીર બેદરકારી દાખવી હોવાનું ફલીત થતા પીઆઈને



સસ્પેન્ડ કરી દેતા પોલીસબેડામાં ખળભળાટ મચ્યો છે.

અરવલ્લીના ઈસરી પોલીસ મથક હેઠળના રાજસ્થાન સરહદે આવેલ મોટી મોરી ગામે ગત ૬ ફેબ્રુઆરીના રોજ ખેતર પાસે એક યુવકનો મૃતદેહ ચાદરમાં લપેટલ હાલતમાં મળી આવ્યો હતો. જે બાબતે શરૂઆતમાં પોલીસે અજાણ્યા યુવક સમજી અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો અને મૃતદેહને પીએમ અર્થે મોકલ્યો હતો. પરંતુ જે તે વખતે આ મૃતક યુવકના હાથે લખેલ લખાણ અને જમણા પગમાં સળીયો નાખેલ હોવાની ઓળખ કરી આ મૃતદેહ રાજસ્થાનના રાસતાપાલ ગામના ઈશ્વર મનાતનો હોવાનું સામે આવ્યું હતું અને સમગ્ર બાબતે ઈસરી પોલીસે મૃતકના સગા ભાઈઓને હત્યાના આરોપી બનાવી મૃતદેહને જમીનમાં દફનાવી અંતિમવિધિ કરી બંને સગા ભાઈઓને જેલમાં ધકેલી દઈ સમગ્ર બાબતે પડદો પાડી દીધો હતો. પરંતુ આ ઘટનાને પાંચ મહિના બાદ મૃતક ઈશ્વર મનાત પોતાના વતન ખરપેટા પરત આવતા ઘરના સદસ્યો પણ ઘડીક વિચારમાં પડી ગયા અને સમગ્ર ઘટનામાં એક નવો જ વળાંક આવ્યો હતો. ત્યારે ખરેખર જો ઈશ્વર મનાતની હત્યા નહોતી થઈ તો એ મૃતદેહ કોનો હતો.

# થરાદના ડુવા ગામે દાગીના સહિત ૩.૬૮ લાખની ચોરી

કોરોનાકાળમાં ચોર તત્વો બેફામ બન્યા હોય તેમ થરાદના એક ઘરમાંથી ૩.૬૮ લાખની ચોરીની ઘટના સામે આવતાં ચકચાર મચી ગઈ છે. સોમવારે સાંજના સમયે ફરીયાદે ઘરેથી ધાનેરા જવા નિકળ્યા હતા. જે બાદ રાત્રે ત્રણેક વાગે સ્થાનિકે ફરીયાદીને ફોન કરી કહેલ કે તમારા ઘરમાં ચોરી થઇ છે. જે બાદ ફરીયાદીએ ઘરે આવી જોતાં ૩.૬૮ લાખના સોના-ચાંદીના દાગીનાની ચોરી થઇ હોવાનું જણાયુ હતુ. જેથી તેમણે અજાણ્યા ઈસમો સામે ફરીયાદ નોંધાવતાં થરાદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. બનાસકાંઠા જીલ્લાના થરાદ તાલુકાના ડુવા ગામે ૩.૬૮ લાખના દાગીનાની ચોરીની ઘટના સામે આવતાં ચકચાર મચી ગઈ છે. ડુવા ગામે રહેતાં ચંપકલાલ લાલાજી સોની સોમવારે સાંજે ડુવાથી પોતાના દીકરાના સમાચાર લેવા ધાનેરા મુકામે ગયા હતા. આ દરમ્યાન ડુવાના વિકાસભાઈએ રાત્રે ત્રણેકવાગે ચંપકલાલને ફોન કરી કહ્યુ હતુ કે, તમારા ઘરે ચોરી થઈ છે. આ તરફ ચંપકલાલ તાત્કાલિક ડુવા ગામે આવી તપાસ કરતા ચોરી થઇ હોવાનું ખુલ્યુ હતુ. કોરોના મહામારી વચ્ચે ચોરીના બનાવોમાં સતત વધારો થઇ રહ્યો છે. આ તરફ થરાદના ડુવા ગામે થયેલી ચોરીને લઈ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ચંપકલાલે ઘરે જઈ તપાસ કરતાં રોકડ રકમ રૂ.૮,૦૦૦, સોનાના દાગીના બુટ્ટી જોડ-૨, બંગડી સોનાની પટ્ટીવાળી નંગ-૮, ટીક્કો, નથ શેર સાથે પરચુરણ મળી કુલ ૮ તોલા જેની કિ.રૂ.૨,૪૦,૦૦૦ તથા ચાંદીના દાગીના કડલા,તોડા, તોડી નંગ-૫, ચુડ જોડ-૨ જુની તોડીયા તથા ચાંદીના સિક્કા તથા જુની ચાંદી કુલ ૪ કિલો કિ.રૂ. ૧,૨૦,૦૦૦ મળી ૩,૬૮,૦૦૦ ની ચોરી થયાનું જણાયુ હતુ.

# કેન્દ્ર સરકારના સ્વચ્છ ભારત મિશનના અધિક સચિવ અરૂણ બરોકા દામા ગોબરગેસ પ્લાન્ટની મુલાકાતે




ભારત સરકારના અધિક સચિવ અરૂણ બરોકા એ આજે બનાસડેરીના નવનિર્મિત બાયો સીએનજી ગેસ પ્લાન્ટની મુલાકાત લઈને ગાય-ભેંસના છાણમાંથી આવક મેળવતા પશુપાલકોની પણ મુલાકાત કરી હતી.

તેમણે ખેડૂતોની આવક ડબલ કરવાના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નને સાકાર કરવામાં બનાસ ડેરીના યોગદાનને બિરદાવ્યું હતું.

આ પ્રસંગે સંયુક્ત નિયામક કરણજીતસિંહ, સ્વચ્છ ભારત મિશન, પેયજળ અને સ્વચ્છતા વિભાગ, જળ શક્તિ મંત્રાલય ગુજરાત રાજ્યના ગ્રામ વિકાસ કમિશનર વિજય નેહરા, સ્પેશિયલ ગ્રામ વિકાસ કમિશ્નર દેવ ચૌધરી, ડી.એસ. કન્સલ્ટન્ટ શ્રીમતી શાયના, ડી.ડી.ઓ. અજય દહિયા પણ જોડાયા હતા.

બનાસડેરીના ઈન્ચાર્જ એમ.ડી. કામરાજભાઈ ચૌધરી, સિનિયર જનરલ મેનેજર બિપીનભાઈ પટેલ, જનરલ મેનેજર પ્રફુલભાઈ ભાણવડિયા, પ્લાન્ટ ઈન્ચાર્જ કાનજીભાઈ, પ્રિયંક મહેતાએ ઉપસ્થિત રહી બાયો સીએનજી ગેસ ફિલિંગ સ્ટેશનથી અવગત કરાયા હતા.



## મોડાસા મહિલા પોલીસ સ્ટેશનમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જિલ્લાના મોડાસામાં મહિલા પોલીસ સ્ટેશનમાં વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું. જિલ્લામાં રાજયકક્ષાના વનમહોત્સવ અંતર્ગત મોડાસાના મહિલા પોલીસ સ્ટેશનમાં ૧૦૦ જેટલા વૃક્ષો વાવી વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. મોડાસા શહેરના મહિલા પોલીસ સ્ટેશન ખાતે પોલીસ સ્ટેશન અને વિવિધ સામાજિક સંસ્થાઓના સહિયોગથી પર્યાવરણ બચાવોના ઉદ્દેશ સાથે વૃક્ષો વાવવામાં આવ્યા હતા સાથે જ વૃક્ષોનું જતન કરવાની સાથે પર્યાવરણ બચાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો જેમાં નગરપાલિકા પૂર્વ પ્રમુખ વનીતાબેન પટેલ અને મહિલા પીઆઈ એસ.એન. રાઠોડની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

## આજે અરવલ્લીના મોડાસા અને ભિલોડા ખાતે સાત પગલાં ખેડૂત કલ્યાણ કાર્યક્રમ યોજાશે

અરવલ્લી જિલ્લામાં ગુજરાત સરકારના કૃષિ ખેડૂત કલ્યાણ અને સરકાર વિભાગ દ્વારા સાત પગલાં ખેડૂત કલ્યાણના કાર્યકમ અંતર્ગત મુખ્યમંત્રી પાક સગ્રહ સ્ટ્રકચર યોજના અને કિશાન પરિવહન યોજનાના લોકાપર્ણ કાર્યકમ ગુજરાત રાજય બિન અનામત વર્ગ અયોગના ચેરમેન રશ્મીભાઈ પંડયાના અધ્યક્ષ્સ્થાને ભિલોડા અને મોડાસા ખાતે યોજાશે, જેમાં મોડાસા, બાયડ અને ધનસુરાનો કાર્યકમ મોડાસા તાલુકા ભામાશા હોલમાં મ.લા. ગાંધી કેળવણી મંડળ કોલેજ કેમ્પસ ખાતે ૧૦ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ કલાકે યોજાશે.

જયારે ભિલોડા, મેઘરજ, માલપુર તાલુકાના ખેડૂતોનો કાર્યક્રમ એકલવ્ય મોડલ સ્કુલ, શામળપુર ખાતે ૧૦ સપ્ટેમ્બર ના રોજ બપારે ૧૫-૦૦ કલાકે યોજાશે.

# પ્રાંતિજ સિંધી સમાજ દ્વારા નગરપાલિકાના પ્રમુખ - ઉપપ્રમુખનું સન્માન કરાયું

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા સિંધી સમાજ દ્વારા નગરપાલિકાના પ્રમુખ-



ઉપપ્રમુખ સહિત શહેર સંગઠનના હોદ્દેદારોનું સન્માન કરવામાં આવ્યું હતુ.

પ્રાંતિજ ખાતે સિંધી સમાજ દ્વારા પ્રાંતિજ નગરપાલિકાના નવનિયુક્ત પ્રમુખ દિલીપભાઈ કડીયા તથા ઉપપ્રમુખ જગદીશભાઇ કિમતાણી તેમજ ભાજપ શહેર સંગઠનના હોદ્દેદારો જેમાં પ્રાંતિજ ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, ભાજપ શહેર મંત્રી ગીરીશભાઈ પટેલ, ભાજપ શહેર મંત્રી નિકુંજભાઈ રામી તથા નગરપાલિકાના કોર્પોરેટ રાજેશભાઈ ટેકવાણી તથા ભાજપ શહેર કારોબારી સભ્ય મહેશભાઈ કિમતાણીનું સિંધી સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું, જેમાં ઉપસ્થિત મહેમાનોનું ફુલહાર શાલ ઓઢીડીને સન્માન સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રતિલાલ ટેકવાણીએ જણાવ્યુ કે ભારતીય જનતા પાર્ટી એક માત્ર એવી પાર્ટી છે કે જે નાનામાં નાના સમાજની વ્યક્તિને પણ ઉચ્ચ હોદ્દો આપી બેસાડીને તેની યોગ્યતા મુજબ કદર કરવામાં આવે છે. આ પ્રસંગે સિંધી સમાજના મુખી ધરમદાસ ટેકવાણી, રતિલાલ ટેકવાણી, એડવોકેટ જમનાદાસભાઈ નરસિંઘાણી, મનુભાઈ રામચંદાણી, મનુભાઈ કિમતાણી, કમલેશભાઈ બાલાણી, સુનીલભાઈ ટેકવાણી, મહેશભાઈ ટેકવાણી સહિત સમાજના આગેવાનો કાર્યકરો યુવાનો ઉપસ્થિત રહ્યા હતા અને નગરપાલિકાના પ્રમુખ-ઉપ પ્રમુખ સહિત સંગઠનના હોદ્દેદારો તથા કોર્પોરેટનું સન્માન કરવામાં આવ્યું હતું.

### ઔદ્યોગિક વિસ્તારો બની રહ્યા છે નવા કોરોના હોટસ્પોટ

# અમદાવાદના ધોળકા-સાણંદ કોરોનાના નવા હોટસ્પોટ તરીકે ઉભરી આવ્યા

અમદાવાદ,તા.૯

અમદાવાદ જિલ્લામાં અમદાવાદ ગ્રામીણમાં ધોળકા અને સાણંદ કોરોનાના હોટસ્પોટ બનીને ઉભરી આવ્યા છે. તેમના હોટસ્પોટ બનીને ઉભરી આવવાનું મુખ્ય કારણ ઈન્ડસ્ટ્રીયલ લિંક્ડ કેસો છે. અમદાવાદ ગ્રામીણમાં અત્યાર સુધી કોરોનાના કુલ ૧,૮૦૦ પોઝિટિવ કેસ નોંધાયા છે. આમાથી ૨૮ ટકા કેસો શહેરની નજીક ગ્રામીણ વિસ્તારોમાં આવેલા ઉદ્યોગોમાં જોવા મળ્યા છે.

ધોળકામાં ૪૨૪ કેસ અત્યાર સુધી નોંધાયા છે અને આ ૪૨૪ કેસમાંથી ૧૩૭ કેસ ઔદ્યોગિક વિસ્તારના કામદારોના હતા. જયારે સાણંદમાં કુલ ૪૧૭ કેસ નોંધાયા છે અને તેમાથી ૧૩૨ કેસ ત્યાંના ઔદ્યોગિક કામદારોના હતા.

ગયા સપ્તાહે જ અમદાવાદ ગ્રામીણમાં ૨૦ નવા કેસ નોંધાયા તા, તેમાથી પાંચ કેસ તો સાણંદ અને ધોળકાના ઔદ્યોગિક વિસ્તારના છે. હાલમાં આ વિસ્તારોમાં કોરોનાના કેસમાં થયેલા વધારાનું કારણ લોકડાઉન પૂરુ થયા પછી પરત ફરેલા કામદારો છે. તેમા સાણંદમાં કાર્યરત ચીનની બહુરાષ્ટ્રીય કંપનીમાં કામ કરતા ત્રણ કામદારો કોરોના પોઝિટિવ આવ્યા હતા. આ ઉપરાંત ચિરિપાલ ગ્રુપની કંપનીમાં વધુ બે સ્ટાફર પોઝિટિવ આવ્યા હતા. આ સાથે અમદાવાદ જિલ્લાના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં કોરોના કેસનો આંકડો ૫૧૪ પર પહોંચ્યો હતો.

સાણંદ ઈન્ડસ્ટ્રીયલ એસોસિયેશન (SIA)એ જણાવ્યું હતું કે ઉત્તરપ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશથી લગભગ ૧૨,૦૦૦થી વધારે કામદારો પરત ફર્યા છે. SIAના પ્રમુખ અજીત શાહના જણાવ્યા મુજબ પરત ફરેલા બધા લોકોનું પરીક્ષણ થયુ નથી. હજી પણ જે પોઝિટિવ કેસ આવ્યા છે તે ખાસ નથી, તેથી સ્થિતિ ચિંતાજનક નથી.

# ૧૪ સપ્ટેમ્બરથી રાજકોટ-મુંબઈ વચ્ચેની વિમાન સેવા શરૂ થશે

રાજકોટ,તા.૯

કોરોનાનાં કપરાકાળમાં લોકો સારા સમચાર સાભળવા રીતસરનાં તરસી ગયા હોય તેવી રીતે કોરોનાનો હાહાકાર જ સાંભળવામાં આવતો હોય છે. તમામ માઠા સમાચારો વચ્ચે રાજકોટવાસીઓ માટે સારા સમાચાર સામે આવી રહ્યા છે. આગામી ૧૪ સપ્ટેમ્બરથી રાજકોટ-મુંબઈ વચ્ચેની વિમાની સેવા ફરી શરૂ થશે.

રાજકોટવાસીઓ કે જે મુંબઈ જવા માટે તત્પરતાથી વિમાન સેવા શરુ થવાની રાહ જોઈ રહ્યા હતા, તે તમામ લોકોને હવે લાંબી રાહ જોવાની નથી. ઉલ્લેખનીય છે કે કોરોનાનાં કાળમાં પાછલા પાંચ મહિનાથી બંધ વિમાની સેવા ફરી ૧૪ તારીખથી શરુ થઈ રહી છે.

હાલ જો કે, રાજકોટ-મુંબઈ વચ્ચે સવારનાં ભાગમાં જ વિમાની સેવાની શરૂઆત થશે અને સમયાંતરે આ સેવાને પૂર્વરત કરવામાં આવશે. રાજકોટ - મુંબઈની સાથે સાથે આગામી ૧૮ સપ્ટેમ્બરથી રાજકોટ થી દિલ્હીની વિમાની સેવાનાં શ્રીગણેશ કરવામાં આવશે. સવારે ૮ વાગે દિલ્હી થી ફલાઈટ આવશે અને સવારે ૮.૫૦ કલાકે દિલ્હી જવા રવાના થશે.

# ચાર્જશીટ બાદ શ્વેતા જાડેજાની સેશન્સ કોર્ટે જામીન અરજી ફગાવી

દુષ્કર્મના કેસમાં આરોપી પાસેથી ૩૫ લાખની લાંચ લેવાના મામલે સસ્પેન્ડેડ મહિલા પીએસઆઈ શ્વેતા જાડેજા કાયદાનાં શકંજામા ફસાઈ ગઈ છે. હવે કાયદાકીય રીતે શ્વેતા સામે કાર્યવાહી થઈ રહી છે. હવે કોર્ટમાં ચાર્જશીટ થયા બાદ શ્વેતા જાડેજાએ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી છે.

શ્વેતા જાડેજાએ પોલીસ તપાસમાં સહકાર આપવાના દાવા સાથે કોર્ટમાં જામીન અરજી કરી છે. કોર્ટએ કેસની તપાસ ચાલુ હોવાથી જામીન અરજી ફગાવી હતી. સેશન કોર્ટે એવું પણ કહ્યું હતું કે શ્વેતાએ સત્તાનો દૂરપયોગ કર્યો છે માટે જામીન આપી શકાય નહી. શ્વેતાના ભૂતકાળનું અવલોકન કર્યા બાદ કોર્ટે જામીન અરજી ફગાવી હતી.

હવે આ મામલે સેશન કોર્ટમાં આવતા સપ્તાહે જામીન અરજી પર સુનાવણી થાય તેવી શક્યતા છે. અહિં તમને જણાવી દઈએ કે, શ્વેતા જાડેજાને જામીન ન મળે તે માટે સરકાર કોર્ટમાં એફિડેવિટ કરી શકે છે. સસ્પેન્ડેડ પીએસઆઈ શ્વેતા જાડેજાએ દુષ્કર્મના કેસમાં આરોપી પાસેથી ૩૫ લાખની લાંચ લીધી હોવાનો આરોપ છે. શ્વેતા જાડેજા વિરૂદ્ધ આરોપ છે કે તેમણે પોતાના જીજાજી મારફતે આંગળિયા પાસેથી આ રકમ લાંચમાં માંગી હતી.

# ડીસામાં મોબાઈલની આબાદ ઉઠાંતરી, મોબાઈલ ચોર કેમેરામાં કેદ

ડીસા, તા. ૯

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં કોરોના મહામારી વચ્ચે ઠગ અને તસ્કર ટોળકી સક્રિય બની છે જેના કારણે ચોરી અને ચિલઝડપના બનાવો અવારનવાર અખબારોના પાને ચમકતા રહે છે. કોરોનામાં આર્થિક ભીંસ વચ્ચે ભોગ બનનાર પીડિતની હાલત કફોડી બની જાય છે. તેમછતાં પોલીસને પણ જાણે હંફાવતી હોય તેમ ઠગ ટોળકી વારંવાર દાવ અજમાવી જાય છે ત્યારે ઝેરોક્ષની દુકાન આગળ એક યુવકના મોબાઈલની આબાદ ઉઠાંતરીનો વધુ એક બનાવ પ્રકાશમાં આવ્યો છે. જેની મળતી વિગતો મુજબ મૂળ જુનાડીસા ગામના અને ડીસામાં દરજીકામ સાથે સંકળાયેલા પ્રવીણભાઈ ચમનલાલ દરજી ગત તા. ૪-૯-૨૦૨૦ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે કામ અર્થે જૂની કોર્ટ સામે આવેલ રાજ ઝેરોક્ષમાં ગયા હતા.

જ્યાં આગળ કોઈ ભેજાબાજ તેમનો વિવો એસ-૧ કંપનીનો બ્લ્યુ રંગનો મોબાઈલ આબાદ રીતે ઉઠાવી ગયો હતો. પળવારમાં કિંમતી મોબાઈલ ચોરાઈ જતા પ્રવીણભાઈએ ઘણી શોધખોળ કરવા છતાં મોબાઈલ મળી આવ્યો નહતો પરંતુ મોબાઈલ ચોર સી.સી.ટીવી કેમેરામાં કેદ થઈ ગયો હતો. જેથી તેમણે ઉત્તર પોલીસ મથકે આ બાબતે જાણવા જોગ અરજી આપી તપાસની માંગ કરી હતી. જેના પગલે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.